सा विद्या या विमुक्तये

# શારદ

માર્ચ, ૨૦૧૭
વર્ષ ૩૫, અંક-૩

શારદામંદિર, અમદાવાદ.

**વિદ્યાર્થી મિત્રો,**

**વાલીગણ**

*વિદ્યાર્થી મિત્રો જેની રાહ જોઈ રહ્યા હતા એ દિવસોમાં આપણે પ્રવેશી ચૂક્યા છીએ. વર્ષાન્તેના છેલ્લા ચરણમાં પ્રવેશી ચૂક્યા છીએ. ખૂબ જ નજીકના સમયમાં બોર્ડની પરીક્ષા શરૂ થઈ ગયેલ હશે. ત્યારબાદ શાળાકીય વાર્ષિક પરીક્ષાઓ ચાલુ થશે અને અંતિમ સત્રનો છેલ્લો પડાવ.*

*બોર્ડ પરીક્ષા તેમજ શાળાકીય પરીક્ષાઓમાં વિદ્યાર્થીમિત્રો એકાગ્રતાથી શાંતચિત્તે પરીક્ષા આપે, કોઈપણ પ્રકારનો ભય સેવવાની જરૂરીયાત નથી. વર્ષની મહેનતનો નિચોડ રજૂ કરવાનો છે. જિંદગીના દરેક તબક્કે પરીક્ષા આપવાની છે. આ પરીક્ષા પહેલી પણ નથી અને છેલ્લી પણ નથી. પરીક્ષા તેમજ પરીક્ષા પધ્ધતિ બદલાતી રહેવાની હિંમતથી સામનો કરવાનો છે.*

*બોર્ડની પરીક્ષામાં દરેક વિદ્યાર્થી સારી સફળતા મેળવે એવી શાળા પરિવાર તરફથી શુભકામનાઓ સાથે તમામને* Best of Luck. *તેમજ ધો.૧૦ અને ધો.૧૨ કોમર્સના વાલીઓને જાણ કરવામાં આવે છે કે આવતા વર્ષ એટલે કે જૂન-૨૦૧૭ના નવા પાઠ્યપુસ્તકો આવવાના હોવાથી પુસ્તકો ખરીદવામાં ઉતાવળ કરવી નહીં.*

**વિજયભાઈ રાવલ**
**આચાર્ય**

## આ અંકમાં


- વાલી મીટીંગ
- સાયન્સ પ્રોજેક્ટ ફેર
- સુગમસંગીત સ્પર્ધા
- Science Fair
- અહેવાલ-પોસ્ટ ઓફીસ
- અભિનંદન
- ઈનામ વિતરણ કાર્યક્રમ
- આશીર્વચન - શ્રી વિપુલભાઈ
- આશીર્વચન - ડૉ. હેમંતભાઈ
- એ જિંદગી - ડૉ. સૂર્યકાન્તભાઈ
- કાલ - શ્રી ઉદયનભાઈ
- શારદામંદિર આર્કાઈવ્ઝ
- ગણિત ગમ્મત
- વાલી પ્રતિભાવ


**સૂચના**

*ઉનાળુ વેકેશન તા. ૧-૫-૨૦૧૭ને સોમવારથી તા. ૪-૬-૨૦૧૭ સુધી રહેશે. નવા સત્રમાં શાળા તા. ૫-૬-૨૦૧૭ને સોમવારથી રાબેતા મુજબ શરૂ થશે. શાળાનો સમય સવારે ૭-૩૦ થી ૧૨-૩૦નો રહેશે.*

# શારદામંદિર બાલમંદિર

## વાલી મીટીંગ

સ્થળ : જૂના શારદામંદિર, જલારામ મંદિર પાસે, પાલડી ક્રોસીંગ, અમદાવાદ.

**આયોજક : શ્રી વિજયભાઈ રાવલ** તા.: ૧૮-૧૨-૨૦૧૬
**આચાર્યા : ક્ષમાબેન ત્રિવેદી** રવિવાર









બાલમંદિરમાં ચાલુ વર્ષે શાળા તરફથી વાલી મીટીંગનું આયોજન કરવામાં આવ્યું. વાલીને ઘેર મીટીંગનું આમંત્રણ મોકલવામાં આવ્યું. પ્રશ્ન એ આવીને ઉભો કે રજાના દિવસે વાલી શાળામાં આવશે ? પણ અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો અને ૧૨૮ વાલી એકસાથે હાજર રહ્યા. સવારે ૯ : ૩૦ કલાકે વાલી મીટીંગ શરૂ થઈ. તમામ વિભાગના આચાર્ય તથા ૧ થી ૫ ધોરણનો બંન્ને માધ્યમનો સ્ટાફ - બાલમંદિર સ્ટાફ હાજર રહ્યો. ચર્ચાની શરૂઆત થઈ, જેમાં વિષય હતાં વાલીને પડતી અગવડ - વાલીની અપેક્ષા - અભિપ્રાય. આપણી ખામી અને ખૂબીની ખૂબ જ સારી રજૂઆત થઈ. વાલીઓને વિગત જાણીને ખૂબ જ આનંદ થયો.

વાલીઓએ સૂચવેલા મંતવ્યો ઉપર ચોક્કસ કામગીરી થશે તેનો આશાવાદ દર્શાવ્યો અને સાથે નક્કર કાર્ય પણ થશે જ. વાલી એ શાળાનું અવિભાજ્ય અંગ છે તે જાણી, વાલીઓને ખૂબ આનંદ થયો. સહભાગીદારી દ્વારા શિક્ષણનો સહકારી અભિગમ આવકારદાયક છે. અંગ્રેજી શિક્ષણની જરૂરિયાત ઉપર ખૂબ જ ભાર મૂકવામાં આવ્યો. આવી મીટીંગ સતત થતી રહે અને મા શારદાના આંગણે અમારી હાજરી રહેશે, તેવી વાલીઓએ ખાત્રી આપી. અંગ્રેજી શિક્ષણમાં થનાર પ્રગતિલાયક કાર્યક્રમોની હૈયાધારણ પણ આપવામાં આવી.

શાળાની પ્રગતિ માટે મેનેજમેન્ટ દર અઠવાડિયે મીટીંગ કરે છે, તે જાણી વાલીઓએ આનંદ વ્યક્ત કર્યો. વાલીશ્રીઓના માર્ગદર્શન, સૂચનો અને સહકારની નોંધ લેવામાં આવી હતી. આ બાબતે યોગ્ય ઘટતું કરવામાં આવશે, તેમ જણાવવામાં આવ્યું હતું.

### PARENTS' OPINION AT SCIENCE FAIR PROJECT (DT. 3-3-2017)

*Respected Sir & Madam,*

*Yesterday, we visited to "Shardamandir School", for "Play & Learn Science" Exhibition, represented by Kindergarten Kids. It was an awesome feeling to learn about such a description regarding Science from small kids, what a confidence they have,* ***"Hats Off !"***

*All children were well-behaved, Trained & represented themselves very well, with beautiful & lovely smile. I want to thank you & your wonderful group of teachers who have taught children so well & supported them so much.*

*Appreciation goes out to each of the School Staff Members who give their ALL throughout the school year. I have never had such an opportunity to say "Thank You" for the schools for their continuous & excellent support for my child.*

***Thank you again for making a positive difference in all of their lives.***

*Thank You*
***- Zainab Junaid Shaikh***
***(Farzeen Juniad Shaikh - Jr. KG. (Eng.Med.)***

# સાયન્સ પ્રોજેક્ટ-ફેર

## શારદામંદિર શિશુમંદિર

*દિવાળીના વેકેશનમાં વિદ્યાર્થીઓએ ગૃહ કાર્યમાં ઉપયોગ કરી ધો. ૫ થી ૮ના વિદ્યાર્થીઓએ ગૃપમાં સાથે રહીને જુદા જુદા પ્રોજેક્ટ બનાવ્યા હતાં. તે બધા પ્રોજેક્ટ તેમણે શાળા શરૂ થતાં, વર્ગશિક્ષકોને જમા કરાવ્યા.*

*ધો. ૧ થી ૪ના નાના બાળકોએ વેકેશન દરમ્યાન જુદા જુદા ચાર્ટ અભ્યાસનાં આધારે શૈક્ષણિક ચાર્ટ બનાવ્યા હતાં. શિક્ષકમિત્રોએ વિદ્યાર્થીઓને આપેલ પ્રોજેક્ટ તથા નાના બાળકોને ચાર્ટમાં જરૂરી માર્ગદર્શન આપી વ્યવસ્થિત ગોઠણવી કરી અને તા. ૨૪-૧૨-૨૦૧૬ને શનિવારના રોજ વાલીઓને જોવા માટેનું આયોજન (પ્રદર્શન) કરવામાં આવ્યું હતું.*

*ધો. ૫ થી ૮ના વિદ્યાર્થીઓએ ''સાયન્સ ફેર''નું સુંદર આયોજન કરી ખૂબ જ ઉત્સાહભેર ભાગ લઈને સમગ્ર પ્રોગ્રામ ખૂબ સારી રીતે ઉજવ્યો.*

*વિદ્યાર્થીઓના ઉપર મુજબના પ્રોજેક્ટના પ્રોગ્રામમાં શાળાના આચાર્યશ્રી મનીષભાઈ પટેલે વિદ્યાર્થીઓને જરૂર જણાય ત્યાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી સમગ્ર પ્રોગ્રામ સફળ બનાવવામાં ખૂબ મહત્વનું યોગદાન આપ્યુ હતું.*

*શાળાના વિનયમંદિર વિભાગમાંથી નિર્ણાયક તરીકે શ્રી પી.ડી. પટેલ તથા શ્રી હર્ષદભાઈ પટેલે આવીને વિદ્યાર્થીઓનો સમગ્ર પ્રોગ્રામ નિહાળ્યો અને ખૂબ જ પ્રભાવિત થયા હતાં. અંતે નિર્ણાયકશ્રીએ નીચે મુજબનો નિર્ણય લઈને વિજેતા નંબરોની જાણ કરેલ.*

### ધો. ૧ થી ૪ - ચાર્ટ પ્રદર્શન




**પ્રથમ**
**ધો.૩ના બાળકોનું શૈક્ષણિક 'ચાર્ટ પ્રદર્શન'**
*વર્ગશિક્ષક : શ્રી કોકિલાબેન મનાણી*




**દ્વિતીય - ધો.૧ના બાળકોનું શૈક્ષણિક 'ચાર્ટ પ્રદર્શન'**
*વર્ગશિક્ષક : (૧) શ્રધ્ધાબેન ભટ્ટ*
*(૨) હેતલબેન ભટ્ટ*

### ધો. ૫ થી ૮ - સાયન્સ પ્રોજેક્ટ



**પ્રથમ - "જ્વાળામુખી"**
*(૧) શાહ ક્રિયા નૈશારભાઈ*
*(૨) પ્રજાપતિ રિયા હિતેશભાઈ*



**દ્વિતીય - "એરકુલર"**
*(૧) જોષી હેત દિપકકુમાર*
*(૨) શાહ તીર્થ ભાવેશકુમાર*



**તૃતીય - "પ્રોજેક્ટર"**
*(૧) ઠક્કર માનવ તપનભાઈ*
*(૨) જૈન ધ્રુમિલ ચિરાગભાઈ*

# ❧ સુગમ સંગીત સ્પર્ધા ☙

## શારદામંદિર શિશુમંદિર

*સંગીત એક એવી કળા છે, જેનાથી મનુષ્યના જીવનમાં આનંદ અને પરિપૂર્ણતા ઉદ્ભવે છે. જેને લઈને* **તા. ૧૪-૧૨-૨૦૧૬ને બુધવારના રોજ શારદામંદિર શિશુમંદિર દ્વારા એક સુગમસંગીતનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.**

*આ કાર્યક્રમના નિર્ણાયક તરીકે ડૉ. હરકાન્તભાઈ દવે હતાં, જેમનાં પત્ની શ્રીમતી જયશ્રીબેન દવે આપણી શાળામાં આચાર્યા તરીકે ફરજ બજાવી ચૂક્યા છે. ડૉ. હરકાન્તભાઈ પોતે સંગીતના સારા જાણકાર છે અને તેની સાથે તેમનો સંગીત પ્રત્યેનો પ્રેમપણ અસાધ્ય છે. તેમને તેમના પિતા તરફથી આ સંગીતનો વારસો મળ્યો છે અને તેઓ સંગીત પ્રત્યે ખૂબ જ રૂચિ ધરાવે છે. તેમના કુટુંબમાં તેમના બહેન અને દિકરી પણ પોતે સંગીતના સ્નાતક અને જાણકાર છે.*

**: વિજેતા થનાર વિદ્યાર્થીઓ :**

| | | | | |
|---|---|---|---|---|
| **પ્રથમ** | : | શાહ વિરતી સૌરભભાઈ | (મેઘનાદ) | ધો.૬ |
| **દ્વિતીય** | : | સુદ્રા ધારા અતુલભાઈ | (ગંગોત્રી) | ધો.૮ |
| | | બાવળિયા ધ્રુવ જયસુખભાઈ | (ગંગોત્રી) | ધો.૭ |
| **તૃતિય** | : | ગોહેલ હેત્વી મેહુલભાઈ | (મેઘનાદ) | ધો.૮ |
| | | દોશી ભવ્ય પ્રિતેશકુમાર | (રત્નદીપ) | ધો.૬ |





## શારદામંદિર વિનયમંદિર

**તા. ૧૫-૧૨-૨૦૧૬ને ગુરૂવારના રોજ શારદામંદિર વિનયમંદિર (ધો. ૯ થી ૧૨) દ્વારા એક સુગમ સંગીતનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.**

*આ કાર્યક્રમના નિર્ણાયક શ્રીમતી દિપાલીબેન વસા હતાં. તેઓ પણ સંગીત પ્રત્યે ખુબ જ રૂચિ ધરાવે છે અને તેઓ સંગીતના જાણકાર છે.*

**: વિજેતા થનાર વિદ્યાર્થીઓ :**

| | | | | |
|---|---|---|---|---|
| **પ્રથમ** | : | મહેતા નુપુર દેવલભાઈ | (પદ્મપુકુર) | ધો.૧૨-અ |
| | | રાવલ ખુશાલી મહેન્દ્રસિંહ | (મેઘદૂત) | ધો.૧૦-અ |
| **દ્વિતીય** | : | પંડ્યા પ્રાચી જનકકુમાર | (ચંદ્રમૌલી) | ધો.૧૨-અ |
| **તૃતિય** | : | બ્રહ્મભટ્ટ હિમાદ્રી શૈલેષભાઈ | (મેઘદૂત) | ધો.૧૦-બ |





## સુગમ સંગીત સ્પર્ધા

# SUGAM SANGEET COMPETITION
# SHARDAMANDIR MODERN SCHOOL

The School organised Sugam Sangeet Competition on 16/12/2016, Friday. Music in itself is healing. It's an explosive expression of humanity. It is something we are all touched by. Everyone loves music. All students were eagerly waiting to listen to soft music. Total 12 Students participated in this competition. Dipaliben Vasa was present there as a judge. She is Sangeet Visharad. She has been associated with our School since many years.
She observed even the minute mistake of the participants and guided them.
All participants sang very well.

**The Winners are**

| | | | |
|---|---|---|---|
| **First** | Shah Daksh Ketanbhai | (Kadamb) | Std.5 |
| | Shah Desna Dipakkumar | | Std. 11 Comm. |
| **Second** | Acharya Jalashree Zankrut | (Kadamb) | Std. 9 |
| | Upadhyay Yajasi Yagneshbhai | (Parijat) | Std.8 |
| **Third** | Vyas Yuvraj Gaurangbhai | (Palash) | Std. 9 |





## કલા શિક્ષક સંઘ, ગુજરાત રાજ્ય દ્વારા યોજાયેલ  રંગ પૂરણી ચિત્ર સ્પર્ધાના વિજેતા

| | | |
|---|---|---|
| **ગોલ્ડ મેડલ** | દવે જીત નિલેશભાઈ | ધો. ૮ |
| | કાટિયા સાર્થક અશોકભાઈ | ધો. ૬ |
| | શાહ પુષ્ટિ હેમંતકુમાર | ધો. ૬E |
| **સીલ્વર મેડલ** | લગડ કૌશાની હરેશભાઈ | ધો. ૭ |
| | ગજ્જર બંસરી જીજ્ઞેશભાઈ | ધો. ૫ |
| | રાઠોડ તિર્થ અશોકભાઈ | ધો. ૪E |
| | બલત મૈત્રી ઉમેશભાઈ | ધો. ૮E |
| **બ્રોન્ઝ મેડલ** | પોરિયા કિર્તન મેહુલભાઈ | ધો.૪ |
| | શાહ નૂપુર સંદિપ | ધો. ૫E |
| | શાહ કિશા ચિરાગભાઈ | ધો. ૭E |

# SHARDAMANDIR MODERN HIGHSCHOOL
# SCIENCE FAIR

On 24th December a Science Fair was held by the Students of Shardamandir Modern Highschool. It was a great suceess because of the hard work of students. Science fair develops personal power of importance in students.

The Science Fair was divided into three sections :



## SECTION- I


Exhibition of a project of standard 1 to 4. This Project work had been given to the students as a Diwali home work. They made different types of Stands by using ice-cream sticks, dustbin etc. by using hard board of different shapes. In these projects, they presented Lord Ganpati from CD, huts, houses, trees and many more.



## SECTION-II

In this section different themes were given to four groups and competition was held. The themes were :
Amaltas - Bank, Kadamb - Pollution, Palash - Marinelife, Parijat - Space








### BANK THEME

In the theme Bank, an ATM Machine in working condition was made. It was explained lively how to get money by an ATM Card. The cabin of manager, cash counter were also there. The information about cheque book and slipbook was also given by them.







### POLLUTION THEME

In this theme, black curtain was put up. In the entire class the pictures of pollution-land, air, water pollution were displayed on it. How these pollution occur and what should we do to minimize the pollution, was explained with a working model.







### MARINELIFE

In this theme, students decorated the class amazingly with sky blue coloured curtain. Fishes of different types and colours were tied on it. In the middle of the room, a live turtle was kept and slow music effecting like sound of water was playing. The students their dressed in fish and lotus & they welcomed the visitors.







### SPACE THEME

In theme space, the students hung the entire solar system on ceiling by using different size of balls. The touch of universe was given to the classroom. Different constilations planets, stars and galaxies were made by them. A model of Kalpana Chavla who was the first Indian Astronaut was the centre of attraction.

# SHARDAMANDIR MODERN HIGHSCHOOL
# SCIENCE FAIR





**SECTION-III**

In this section, there were many working models, like solar cooker, water heater, solar tank, solar system, lava lamp, solar clock, hydraulic parking, hydraulic lift and many more all working models made by our school students.

On this day Shri P. D. Patel Sir and Mr. Harshadbhai Patel were present as the judges. They gave three ranks to the working models and two ranks to the theme related classes.

## RESULT

### RELATED WORKING MODEL



I-
Shah Param Parenbhai
(Std.5)- Cell Tank



II -
Rathod Namrata Kanaiyala
(Std.8)- Solar System



III-
The whole Class of
11th Commerce (Contraption)

### RELATED CLASS THEME



I - Space Theme
(Parijat Group)



II - Pollution Theme
(Kadamb Group)

## અહેવાલ

# શિશુમંદિર વિભાગના ધો.૩ના વિદ્યાર્થીઓની પોસ્ટ ઓફિસની મુલાકાત

**સહયોગ** : શ્રી વીણાબહેન જાદવ (પોસ્ટ- માસ્તર, શારદાનગર શાખા)

**સ્ટાફ** : (૧) એમ. એચ. કાઝી
(૨) કૃતિબહેન મહેતા

**આચાર્ય** : શ્રી મનિષભાઈ પટેલ

**વર્ગશિક્ષક** : શ્રી કોકિલાબહેન મનાણી

**સમય** : સવારે ૧૦-૦૦ થી ૧૧-૦૦

તા. ૧૭/૧૨/૨૦૧૬ને શનિવારના રોજ ધોરણ-૩ના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ શારદાનગર પોસ્ટ ઓફિસની મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓને પોસ્ટ- માસ્તર શ્રી વીણાબહેન જાદવે આવકાર્યા અને વિદ્યાર્થીઓને, પોસ્ટ ઓફિસ એટલે શું ? પોસ્ટ ઓફિસ આપણને કઈ રીતે ઉપયોગી છે ? પોસ્ટ ઓફિસમાં કામ કઈ રીતે થાય છે ? કયા કયા કામ થાય છે ? આપણી ટપાલ આપણા ઘરે કઈ રીતે આવે છે? તે સમજાવ્યું અને તેની વિગતવાર માહિતી આપી.

પોસ્ટ ઓફિસ આપણી ટપાલ એક ગામથી બીજા ગામ, શહેર અને વિદેશમાં લખેલા જે-તે નામ સરનામાં પર લખેલી ટપાલ પહોંચાડવાનું અને આપણી ટપાલ લાવવાનું કામ કરે છે. તે ચીજવસ્તુઓના પોસ્ટ પાર્સલ તેમજ મનીઓર્ડર દ્વારા રૂપિયા પણ પહોંચાડે છે. પોસ્ટ ઓફિસમાં રજીસ્ટર, સ્પીડ પોસ્ટ અને ટેલીફોનના બીલ પણ સ્વીકારવામાં આવે છે, તેની સમજ આપી.

પોસ્ટ ઓફિસમાંથી, પત્ર-વ્યવહાર કરવા માટે પોસ્ટકાર્ડ, પરબીડિયાં, આંતરદેશીય પત્ર, ટપાલ-ટિકીટો, મનીઓર્ડર ફોર્મ, રેવન્યુ સ્ટેમ્પ વગેરે તેની નિયત કિંમતે મળે છે. બચત માટે રાષ્ટ્રીય બચતપત્રો, રિકરીંગ ખાતુ અને સેવિંગ્ઝ ખાતુ પણ પોસ્ટ ઓફિસમાં હોય છે. વધુમાં છોકરીઓ માટેની સુકન્યા સમૃધ્ધિ યોજના, અટલ પેન્શન યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના વિશે સમજ આપી. આ સમયે બાળકોએ પણ પોતાના ઘરે પોસ્ટકાર્ડ લખીને ટપાલપેટીમાં જાતે પોસ્ટ કરવાનો આનંદ લીધો હતો.

પોસ્ટ ઓફિસની માહિતી આપ્યા બાદ પોસ્ટ ઓફિસના સ્ટાફ બહેનોએ દરેક વિદ્યાર્થી ભાઈ બહેનોને પેન્સિલ અને ચોકલેટ આપી હતી. બધા જ બાળકો ખૂબ ખુશ થયા.

આચાર્યશ્રી અને શિક્ષિકાબહેને તેમજ વિદ્યાર્થીઓએ પોસ્ટ ઓફિસના કર્મચારીઓનો ખૂબ આભાર માન્યો હતો.







# શાળાનું ગૌરવ

## અભિનંદન

### શ્રી રૂપેન આર. શાહ 'લીડર ઓફ ધ લૉ'
### અમેરિકામાં જજ તરીકે પ્રથમવાર ઈન્ડિયનની નિમણુંક....



*શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી (વર્ષ ૧૯૭૩-૭૪) શ્રી રૂપેન આર. શાહની વર્જીનીયાના ૨૫ મા જ્યુડીશીયલ ડીસ્ટ્રીક્ટ જજ તરીકેની નિમણુંક થતાં પ્રથમ ઈન્ડિયનની નિમણુંક મેળવવાનો વિક્રમ નોંધાયો છે.*

*તેઓ છેલ્લા ૨૦ વર્ષથી પ્રોસિક્યુટર તરીકે ફરજ બજાવે છે અને વર્જીનીયા લોયર્સ મીડીયા દ્વારા 'લીડર ઓફ લૉ' એવોર્ડ મેળવી ચૂક્યા છે.*

*ભાઈશ્રી રૂપેનને શારદામંદિર શાળા પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન.*

## ઈનામ વિતરણ કાર્યક્રમ




*શાળાના ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના ધો. ૧૦(SSC) અને ધો. ૧૨ (HSC) વિદ્યાર્થીઓને અભ્યાસમાં પ્રોત્સાહન મળે તે હેતુથી, જે વિદ્યાર્થીઓએ સારા ગુણ મેળવ્યા હોય તથા જુદી જુદી પ્રવૃત્તિઓમાં સિધ્ધિ મેળવેલી હોય, તેમનું અભિવાદન કરવા માટે તા. ૨૫-૨-૧૭ના રોજ ઈનામ વિતરણનો એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.*

*સિધ્ધિ મેળવેલ વિદ્યાર્થીઓને રોકડ ઈનામ, મોમેન્ટો તથા મેડલ અર્પણ કરી નવાજવામાં આવ્યા હતાં.*

*આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, (૧) શ્રી વિપુલભાઈ પંચોલી (ન્યાયમૂર્તિ, ગુજરાત હાઈકોર્ટ), (૨) ડૉ. હેમંતભાઈ પારેખ (ચાઈલ્ડ સ્પેશ્યાલીસ્ટ) હાજર રહ્યા હતા અને વિદ્યાર્થીઓને આશીર્વચન તથા અભ્યાસ અંગેના તેમના માર્ગદર્શક અનુભવો કહ્યા હતા.*

# ઈનામ વિતરણ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે પધારેલ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ આપેલ આશીર્વચન



**શ્રી વિપુલભાઈ પંચોલી**

સૌ પ્રથમ હું શાળાના સંચાલકો તેમજ પ્રિન્સીપાલ સાહેબનો આભાર માનુ છું કે તેઓ એ ઈનામવિતરણ સમારંભ પ્રસંગે મને આમંત્રણ આપ્યું છે.

મેં આ શાળામાં બાલમંદિરમાં એડમીશન લીધું ત્યારથી ૧૯૮૫ની સાલમાં ધો. ૧૨ પાસ કર્યું ત્યાં સુધી અભ્યાસ કરેલ છે. આ શાળામાં મને જે શિક્ષણ આપવામાં આવેલ છે તેમજ અમારા માનનીય શિક્ષકો દ્વારા જે સંસ્કાર આપવામાં આવેલ છે તે બદલ તેઓ સૌનો આભારી છું. આ પ્રસંગે હું માનનીય સ્વ.શ્રી દિનુભાઈ દવે તેમજ તમામ શિક્ષકોને યાદ કરી તેઓને પ્રણામ કરૂં છું.

ધો. ૧૦, ૧૧ અને ૧૨માં આ શાળાના જે વિદ્યાર્થીઓએ અભ્યાસમાં સફળતા મેળવી છે, સારા માર્કસ મેળવ્યા છે, જે વિદ્યાર્થી મિત્રોએ રતમગમત તેમજ સંગીત, કલા વગેરે ક્ષેત્રોમાં સફળતા મેળવી છે તેઓ સૌને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. તમે સૌ જીવનના તમામક્ષેત્રોમાં ભવિષ્યમાં પણ આવી સફળતા મેળવતા રહો એવી શુભેચ્છા પાઠવું છું.

આ પ્રસંગે હું જે વિદ્યાર્થીમિત્રોએ ભણવામાં કે બીજા ક્ષેત્રોમાં સારા માર્કસ કે ધારી સફળતા નથી મેળવી તેઓને જણાવવા માગું છું કે કોઈ પરીક્ષા કે સ્પર્ધામાં ઓછા માર્કસ આવવાથી કે નાપાસ થવાથી તેઓએ નાસીપાસ થવાની કોઈ જરૂર નથી. આપણે સૌએ આપણું કામ ઈમાનદારી / પ્રામાણિકતાથી કરતા રહેવાનું છે. જો તમે તમારૂ કામ honesty, sincerity થી કરશો અને hardwork /સખત મહેનતથી કરશો તો તમે જીવનના કોઈપણ ક્ષેત્રમાં સફળ થશો. સફળતા મેળવવા માટે સખત મહેનતનો કોઈ વિકલ્પ નથી, પરંતુ હું એટલું જરૂર કહીશ કે સફળતા માટે મહેનત સાથે ઈશ્વરીય કૃપા પણ જરૂરી છે. આ માટે પ્રાર્થના પણ તેટલી જ જરૂરી છે. આ તબક્કે હું એ પણ ખુલાસો કરવા માંગુ છું કે ફક્ત નસીબના સહારે બેસી રહેવાની જરૂર નથી, પરંતુ મહેનત અને ઈશ્વરીય કૃપા હશે તો સફળતા જરૂર મળે છે. તમે તમારા work ને enjoy કરો.

ક્યારેક એવું પણ બને છે કે તમે મહેનત કરો છો છતાં તમે સફળ થતા નથી, ત્યારે બીજી તક મળે તેનો ઉપયોગ કરી ફરી મહેનત કરી સફળતા મેળવી શકાય છે. આ પ્રસંગે હું મારી વાત જણાવવા માંગુ છું. હું ધો. ૧૨ સાયન્સમાં હતો ત્યારે એન્જીનીયર બનવા માંગતો હતો. ૧૯૮૫ની સાલમાં અનામત આંદોલન થયેલ અને તોફાનો થયેલા. બોર્ડની પરીક્ષા માર્ચ મહીનામાં લેવાની હતી તે ના લેવાઈ અને અચાનક ૫ મહિના પછી ઓગષ્ટ મહિનામાં જાહેર થઈ. કોઈપણ કારણસર ધો. ૧૨માં મારા ૫૪% માર્કસ આવ્યા. ત્યારબાદ મેં B.Sc. (Electronics) ફર્સ્ટ ક્લાસ સાથે પાસ કર્યું. પછી LL.B. અને LL.M. પરીક્ષા પાસ કરી અને હાઈકોર્ટમાં વકીલાત શરૂ કરી. દરેક તબક્કે મહેનત કરતો ગયો અને ૨૦૧૪ની સાલમાં ગુજરાત હાઈકોર્ટમાં જજ તરીકે નિમણુંક થઈ. આમ હું કોઈ કારણસર એન્જીનીયર ન થઈ શક્યો પરંતુ જે ક્ષેત્રમાં ગયો ત્યાં મહેનત કરતો ગયો અને ઈશ્વરની કૃપાથી આજે આપની સમક્ષ આવ્યો છું.

મારી વાત કરવા પાછળનો હેતુ એ છે કે કોઈ નિષ્ફળતાથી નાસીપાસ થવાની જરૂર નથી. ક્યારેક આપણી નિષ્ફળતા પાછળ ભવિષ્યની કોઈ વધુ સારી તક પણ છુપાયેલી હોઈ શકે છે. આ સાથે હું સર્વે વિદ્યાર્થી મિત્રોને ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું કે તેઓ અભ્યાસમાં અને પોતાના ગમતા ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત કરે. આભાર.

---



**ડૉ. હેમંતભાઈ પારેખ**

ઘણા વર્ષો પછી શારદામંદિર પરિવારમાં આવવાનું મને સૌભાગ્ય પ્રાપ્ત થયું તે બદલ મને આનંદ થયો છે.

બાલમંદિરમાં ભણતો હતો ત્યારનો 'બાલરથી' મને યાદ છે, તેને આજે પણ હું ભૂલ્યો નથી.

હું પોતે ૧૯૭૪માં એસ.એસ.સી.માં હતો અને બોર્ડમાં ૧૦મું સ્થાન પ્રાપ્ત કરેલ, ત્યારબાદ MBBS થયો, મારા બંને બાળકો પણ આ શાળામાં અભ્યાસ કરીને ડેન્ટીસ્ટ થયા છે. અત્યારે તેઓ પરદેશ છે, તથા મારા પત્નીએ પણ આ શાળામાં યોગ-શિક્ષિકા તરીકે કાર્ય કરેલ છે. આ રીતે મારો સમગ્ર પરિવાર શાળા સાથે સંકળાયેલ છે.


સંસ્કાર અને સિંચન કરનાર ભૂતપૂર્વ શિક્ષકોને પણ હું યાદ કરૂં છું.

સિધ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને અભિનંદન અને બાકીના વિદ્યાર્થીઓએ નાસીપાસ થવાની જરૂર નથી, કઠોર પરિશ્રમ એ જ વિકલ્પ છે.

જેમ મારો ધર્મ ડૉક્ટર તરીકે દર્દીને સાજા કરવાનો છે અને શ્રી વિપુલભાઈનો ધર્મ ન્યાય આપવાનો છે તે રીતે તમારે વિદ્યાર્થી તરીકે તમારો ધર્મ સારી રીતે ભણવાનો છે. અમારા સમયમાં ટી.વી. અને મોબાઈલ જેવા પ્રલોભનો ન હોતા. તમારે આ પ્રલોભનો વચ્ચે જ ભણતર પર ફોકસ કરવાનું છે અને આ જ તમારો પાયો છે. મજબૂત ઈમારત માટે પાયો મજબૂત હોવો જરૂરી છે. ભણવામાં ફોક્સ કરશો તો કામ આવશે.

આ શાળામાં મારૂં સારામાં સારુ ઘડતર થયું છે. બધા વિદ્યાર્થીઓને મારા શુભાશિષ - તમે મહેનત કરો અને તમને સિધ્ધિ મળશે.

# એ જિંદગી, હું તને પણ જોઈ લઈશ !
# (એમ ના માન કે હું રોઈ લઈશ, એ જિંદગી, હું તને પણ જોઈ લઈશ!)


ડૉ. સૂર્યકાન્ત પટેલ

'આજે મને મળેલ એવોર્ડ અને આ પહેલાં મળેલ દરેક સન્માનના મૂળમાં મારી એક વેરવૃત્તિ છે. મારા જીવનની સૌથી દુઃખદ ઘટના છે...' **ગુજરાતમાં પ્રથમ કિડની ટ્રાન્સપ્લાન્ટ કરનાર ડૉક્ટર સૂર્યકાન્ત પટેલ,** ઘણા સન્માન અને એવોર્ડ જેમના નામ સાથે જોડાયેલ છે એવા ડૉક્ટર એમની માતૃભૂમિ ધર્મજમાં આયોજિત કાર્યક્રમમાં 'ધર્મજરત્ન એવોર્ડ' સ્વીકાર્યા બાદ જ્યારે બોલવાનું શરુ કરે છે ત્યારે એમના અવાજમાં સંભળાતી ધ્રુજારી ઠંડીના કારણે હતી કે અમુક સ્મરણને કારણેએ નક્કી કરવું અઘરું હતું. 'હું તો એક જનરલ સર્જન હતો, એ દિવસે મેં ભગવાન સામે વેર લેવાનું નક્કી કર્યું. મારો દીકરો કિડનીના રોગને કારણે નાની વયે મૃત્યુ પામે છે. ડૉક્ટર હોવાને નાતે સારવારની કોઈ કમી રાખી ના હોવા છતાં એને બચાવવો મારા હાથમાં ન હતું. એનો રોગ જનીનિક કે ચેપી નહોતો એ સાબિત થયા બાદ મારા ઘરે દીકરીનો જન્મ થાય છે અને થોડા જ સમયમાં દીકરી પણ કિડનીના રોગથી પીડાય છે. બાળકને બાળકની કિડનીનું દાન મળી શકે નહિ અને તે સિવાય બીજો કોઈ ઉપાય અહીં તબીબીશાસ્ત્ર પાસે હતો નહીં. એને બચાવવાના તમામ વિકલ્પ ચકાસ્યા બાદ મારા હાથમાં માત્ર એનો મૃતદેહ હતો. એ સમયે મારી અંદરના લાચાર બાપને બાજુ પર મૂકી મેં મારા હાથે મારી દીકરીનું પોસ્ટમોર્ટમકર્યું. તેની કિડનીના અમુક ભાગ કાપીને તે નમૂના વિવિધ રિસર્ચ સેન્ટર તથા હોસ્પિટલમાં મોકલ્યા. તેના રોગ અને તેની સારવારને શીખવાનું શરૂ કર્યું. યુરોલોજીના ક્ષેત્રે નવેસરથી એકડો ઘૂંટ્યો અને પરિણામે મેં આજ સુધી અઢીસોથી વધુ કિડની ટ્રાન્સપ્લાન્ટના ઓપરેશન કર્યા છે. મારે ત્યાં ઈન્કમટેક્ષવાળા પણ નાસીપાસ થઈને પાછા જાય છે. કારણ કે મેં એમાંથી એકપણ ઓપરેશનના પૈસા નથી લીધા. મારા માટે એ જીવન બચાવવા અમૂલ્ય છે. આ સાથે ઉપરવાળા સાથેનો મારો હિસાબ પૂરો થાય છે. હું મારી વેરવૃત્તિને અહીં વિરામ આપું છું. નસીબ સાથેની મારી લડત પૂરી થતાં મને આજે શાંતિનો અનુભવ થાય છે.'

ડૉ. સૂર્યકાન્ત પટેલ નામ સાથે જોડાયેલ મેડિકલ ડિગ્રી, સફળ કારકિર્દી, સંશોધન, કોન્ફરન્સ, વિશ્વકક્ષાએ યોગદાન, એવોર્ડ્સનું લીસ્ટ ઘણું મોટું છે. કદાચ આ પ્રકારના સફળ અને સેવાભાવી ડૉક્ટર શોધવા જઈએ તો મળી પણ રહે, પરંતુ પ્રારબ્ધ સાથે શસ્ત્રો હેઠાં મૂકવાને બદલે શાસ્ત્ર શીખીને હજારો જીવન બચાવનાર વ્યક્તિ જડવો મુશ્કેલ છે. મૃત દીકરી સામે હૈયાફાટ રૂદન કરી જાતને કોસવાને બદલે તેના રોગને જાણવા, ભવિષ્યમાં આવા બાળકને બચાવી શકાય તે હેતુથી દીકરીના શરીરનું પોસ્ટમોર્ટમ કરનાર બાપ ભાગ્યે જ મળે. ચોર્યાસી વર્ષના ડૉ.સૂર્યકાન્તભાઈ પટેલ માત્ર ધર્મજ નામના ગામના નહિ કે ગુજરાતના નહિ, સમગ્ર વિશ્વના છે એમ કહી શકાય. આશાવાદ અને હકારાત્મક વલણનું આપણી સામે જીવતું જાગતું ઉદાહરણ છે.

જન્મકુંડળીમાં ગ્રહોના સ્થાન જોઈને ચિંતિત થતા, કુંડળી અને હથેળી લઈને ભટકતા ભાવકો સાચે જ જો પોતાના હાથ સામે જુએ તો જ્યોતિષીના એડ્રેસ શોધવાને બદલે પોતાના માટે એક નવી દિશા શોધી શકે. નસીબના પાવરને સ્વીકારો એ ઠીક છે, પણ નસીબના ગુલામ થઈ નાહિંમત, નાસીપાસ થવું કઈ રીતે પોસાય ? અને ખરેખર તો એ અકુદરતી પ્રક્રિયા છે. જે પરમશક્તિના નિર્ણયને માનીને બેઠા રહીએ છીએ એ જ પ્રકૃતિનો ક્રમ છે. નિત નવો જન્મ, પડી ગયા પછી ઊભા થવું એ પ્રાકૃતિક છે. ક્રિકેટ રમતી વેળા છોલાઈ ગયેલા ગોઠણ પણ ચડેલી ધૂળ ખંખેરીને ફરી દાવ લેતા બાળકને ખબર નથી કે તે ઊભો થઈ રહ્યો છે, કે એ બધુ હિંમતનું કામ છે, એના માટે એ સહજ રિફ્લેક્સ છે. રોજ સવારે પથારીમાંથી ઊભા થવું પણ રોજ થતો એક નવો જન્મ છે. જમીનમાંથી કૂંપળ ફૂટ્યા પછી એક છોડ બહાર નીકળે તે દેખીતી રીતે સાહજિક લાગતી ઘટના પણ હિંમતવાળી છે. જીવનમાં જે પડકાર કે અવરોધો આવે તેને પાર કરીને ફરી ઉભા થવું એ જીવન છે. મૃતકોષો અને પ્રતિ ક્ષણ ઉદ્ભવતા કોષોની સંખ્યા સરખી જ હોય છે, તો શા માટે મૃતઃપ્રાય અવસ્થામાં રહેવું ?

- ૨ -

*જિંદગી રોજ નવા લેસન આપે છે. રોજ નવું શીખવે છે. રોજ નવા અનુભવ કરાવે છે, પણ એમાંથી કયો પાઠ પાકો કરવો એ આપણાં હાથમાં છે. નસીબની બલિહારી કહીને બેઠા રહેવું, નાસીપાસ થવું, હાર સ્વીકારી લેવી જેવા ઘણા વિકલ્પ પ્રમાણમાં સરળ હોય છે. એમાં આપણને પોતાની જાત અને અન્ય તરફથી સહાનભૂતિ છે. થોડીઘણી આળપંપાળ ને પ્રેમ મળી રહે છે. પરંતુ આ દયાની પણ એક એક્સપાયરી ડેટ નક્કી હોય છે. અંગત વ્યક્તિનું મૃત્યુ એ એક સામાન્ય માણસ માટેની સૌથી દુઃખદ ઘટના છે. એમાં ખાસ કરીને જ્યારે તમારી નજર સાથે તમે એને મૃત્યુના મુખમાં જતાં જુઓ અને કંઈ જ ના કરી શકો ત્યારે અનુભવાતી લાચારી પીડાદાયક હોય છે. તેમ છતાં સમય ખુદ તેના પર મલમલાગવી આપે છે. દુખદ ઘટના પર આવી ગયેલી ચામડીને રોજ ખોતરીને ઘા તાજો રાખવો કે જીવનમાં તેનું પુનરાવર્તન ના થાય એનો માર્ગ શોધવો એ આપણા હાથમાં છે.*

*હજારો વર્ષના માનવ ઈતિહાસે વિશ્વના દરેક દેશ, કાળ અને સંસ્કૃતિમાં 'નવો જન્મ' જોયો અને અનુભવ્યો છે. આર્થિક, રાજકીય, સામાજિક સંઘર્ષોમાં તળેટીએ જઈ પહોંચેલા નાના દેશને વધુ ચમક સાથે ઝળહળતા જોયા છે. સંપૂર્ણ ધ્વંસ થઈ ગયેલા જાપાન ગ્રાઉન્ડ ઝીરો ના રહેતાં એક હીરો દેશ તરીકે સાબિત થયો. ભારતમાં રજવાડાં ગુમાવીને જંગલમાં આશ્રયસ્થાન મેળવતા ને પછી બમણા વેગે કિલ્લાઓ સર કરતા શિવાજી જેવા અનેક યોદ્ધા અને રાજા આપણે વાંચ્યા છે. એ દરેક મહાનતાને માત્ર મોઢે કરવાનો અર્થ નથી. બસો વર્ષની ગુલામી પછી એક સશક્ત લોકશાહી દેશ તરીકે વિશ્વફલક પર ટટ્ટાર ઉભા રહેતાં ભારતના નવા જન્મના આપણે સાથી છીએ. ફ્રેન્ચ ક્રાંતિ કે ઈટાલીયન નવોન્મેષ સહેજ દૂર દેખાતી ઘટના છે, પરંતુ આપણા જ ઘર-પરિવાર કે અંગત વર્તુળમાં શોધીએ તો આવો બીજો જન્મ લેનાર વ્યક્તિ મળી રહે. બાયોલોજિકલ જન્મ આપણા હાથમાં નથી. પરંતુ એ જ શરીર અને એ જ જીવનમાં પોતાની જાતને બીજો જન્મ આપવો શક્ય છે. આત્મવિશ્વાસ સાથે પ્રેમ કરી હિંમત સાથે સંબંધ બાંધીએ ત્યારે પોતાના જ નવા ભ્રુણને પેદા કરી શકાય. વિચાર કરો ને, એ કેટલી રોમાંચક ઘટના છે જેમાં આપણા પોતાના મા-બાપ આપણે જ હોઈએ! આપણો દેખાવ, હાર-જીત, સફળતા-નિષ્ફળતા એ દરેકના જવાબદાર માત્ર અને માત્ર આપણે પોતે. અલબત્ત, આ નવા જન્મ લેવાની પ્રક્રિયા પડકારજન્ય છે, પરંતુ અશક્ય નથી.*

*દુઃખના ડુંગર તળે, સમયના ચક્રમાં, વિધિના વિધાન સામે ક્યાંક હારી ગયેલ, ખોવાઈ ગયેલ વ્યક્તિને જીવવાનો રસ ના રહે, શરીર સાથે મન પણ સુષુપ્ત થઈ જાય, આંખ સામે અંધકાર સિવાય કંઈ ના રહે એ દરેક દશ્યો માનવજીવનનો એક ભાગ છે એનો સ્વીકાર કર્યા વગર છૂટકો પણ નથી. એ સ્વીકાર કર્યા પછી 'બેડ લક'નો ઉપયોગ કરી શકે એને આપણે 'હીરો' કે 'બ્રેવો' કહીએ છીએ. થિએટરમાં મોટા સ્ક્રીન પર આવી કોઈ વાસ્તવિક વાર્તાને જોઈને તાળી પાડી, અદબવાળી બેઠા શું રહેવાનું? હિંમત અને હીરોઈઝમ નાત-જાત, સ્ત્રી-પુરુષ, અમીર-ગરીબ, રંગભેદ કંઈ ના જુએ, એની પહેલી શરત માત્ર એક જ છે - હકારાત્મક વલણ. સ્વર્ગના દરવાજેથી પતિને પાછી લાવતી સાવિત્રી કે બાળકને જીવતું રાખવા આકરી તપશ્ચર્યા કરતી માતાને દેવી તરીકે પૂજીએ છીએ. વિધાતાના લેખને ફરી એકવાર પોતાના હાથમાં લેતાં વીર પુરુષના યશગાન ગાઈએ છીએ. એ દરેક જપ, તપ, પૂજા કે યુદ્ધ પહેલાં આપણી આંતરિક માનસિક પ્રક્રિયામાં થાય એ પછી જ બહાર આવી શકે. નવા જન્મના મૂળ માત્ર દુઃખદ ઘટનામાં નથી હોતા, સુખદ અને ખુશહાલ સમય પણ એક નવી આશા આપી શકે. જો એ ડૉક્ટર માત્ર થોડા આંસુ પાડી, નસીબને વખોડી, ઈશ્વર સામે રોષ દર્શાવી બેઠા રહ્યા હોત તો ? તો કદાચ આજે એમને મળેલ આત્મસંતોષ ના હોત. તો કદાચ ઘણા પરિવારમાં સ્વજન ગુમાવ્યાની વેદના વધી હોત. જીવનની પરીક્ષામાં રોઈ લેવા કરતાં, હિંમતભેર દરેક પ્રશ્નપત્રોને જોઈ લેવામાં શો વાંધો?*

**મનોગ્રાફ**

*આપણો પિંડ બાંધનાર ક્રોમોઝોમ પર આપણો કંટ્રોલ નથી, પરંતુ આપણા મનની દરેક પ્રવૃત્તિ અને પ્રતિક્રિયા પર આપણો જ અંકુશ અને આપણો જ નિર્ણય હોવો જરૂરી છે.*

**- મનૌગ્રામ**
**મેઘા જોષી**

# કાલ (Tomorrow)



શ્રી ઉદયનભાઈ શાહ

અંગ્રેજીમાં એક કટાક્ષ છે.

**The greatest labour saving device of today is - "tomorrow"**

કોઈ પણ કામ કરવાનું હોય તો, સૌ પ્રથમ વિચાર આવે કે - "કાલે કરીશું". ઘડીવાર જો કોઈ નવું કામ લઈને બેસવું પડે, ત્યારે તે કામ સિવાયની બીજી ઘણી બધી વસ્તુઓ યાદ આવવા માંડે - એકદમ તરસ લાગે, ભૂખ લાગે, ટોઈલેટ જવું પડે, whatsapp ના "important" message ચેક કરવા પડે, ક્રિકેટનો સ્કોર જોવો પડે, વિ.વિ. અને એવા કોઈ બહાને આપણી ગાડી પાટા ઉપરથી નીચે જાય અને કામ પાછું "કાલ" ઉપર ચાલ્યુ જાય.

આ "**કાલ**" નો સ્વભાવ જરા વિચિત્ર છે. "**કાલ**" જ્યારે "**આજ**" બને છે, ત્યારે વળી એક નવી "**કાલ**" લેતી આવે છે. "કાલ"નું કાળચક્ર નિરંતર ચાલ્યા કરે છે. મૃગજળની માફક એ દેખાય છે ખરી, પણ કદી હાથમાં આવતી નથી. કાલ ઉપર છોડેલા કામ બાકીના બાકી જ રહે છે. વળી એમાં આજનાં નહિ કરેલા કામોનો ઉમેરો થાય છે. આમ "કાલ" હંમેશાં કામનો બોજ વધારતી જ જાય છે. જેટલો બોજ વધે તેટલું ટેન્શન વધે.

વિશ્વનો દરેક પદાર્થ ન્યુટનનાં ગતિ નિયમોનું પાલન કરે છે. પ્રથમ ગતિ નિયમ (જડત્વનો નિયમ) નો પહેલો ભાગ કહે છે કે...

**"A body at rest tends to remain at rest unless it is acted upon by an external force"**

ગુજરાતીમાં આપણને લાગુ પડતા જડત્વનાં નિયમનું ઉદાહરણ આપું :

આપણે બેઠાં બેઠાં દિવાસ્વપ્નો જોતાં હોઈએ **(body at rest)** ક્યાં સુધી? કે જ્યાં સુધી મમ્મીનો "લેસન થઈ ગયું ? " નો ઘાંટો **(external force)** ના સંભળાય ત્યાં સુધી.

જુના જમાનાની સરખામણીમાં અત્યારે કામનો ભાર ખૂબ વધી ગયો છે. ભણતરના પ્રમાણમાં પણ મોટો વધારો થઈ ગયો છે. સહુ માટે "રાત થોડી અને વેશ ઝાઝા" જેવી પરિસ્થિતિ થઈ ગઈ છે. અ..ધ.. ધ.. કામનાં ઢગલા જોઈને સૂઝ ના પડે કે શું કરવું ? ક્યાંથી શરૂ કરીએ ? ચારેય તરફ બસ ટેન્શન જ ટેન્શન. પણ આમ "ચિન્તામણી " બનીને જીવન ના જીવાય. આનો ઉપાય તો કરવો જ રહ્યો.

ચાલો, એક કામ કરીએ. કામનાં ચાર પ્રકાર પાડીએ, અને પેલા બાકી કામના ઢગલાને તેમાં ગોઠવી દઈએ. કામના પ્રકાર નીચે મુજબ પાડી શકાય.

**UI** — **તાત્કાલિક અને અગત્યનું (Urgent and Important)**

આવા કામ આપણે સૌ પ્રથમ કરવા જ પડે છે. એને આપણે ટાળી શકતા નથી. આવા કામ બાકી રહે તો ખૂબ નુકશાન થાય, અને ટેન્શન વધતું જાય. ઉદાહરણ રૂપે :

- સ્કુલનો સમય થયો હોય, અને લેસન કરવાનું બાકી હોય.
- પરીક્ષા માથે આવી હોય, અને રીવીઝન બાકી હોય.
- ઈલેકટ્રિક, ટેલીફોન વિગેરેના બિલ ભરવાની છેલ્લી તારીખ હોય.
- મહેમાન જમવા આવવાના હોય અને બધી રસોઈ બાકી હોય.. વિ. વિ.

**UNI** — **તાત્કાલિક પણ અગત્યનું નહિ (Urgent but not Important)**

આ એવા કામ છે કે જે તાત્કાલિક થાય તો જ તેની કિંમત છે. પણ આપણા માટે ખાસ અગત્યના નથી. આપણે કરી અથવા કરાવી પણ શકીએ છીએ. ઉદહરણ રૂપે :

- ડોર-બેલ વાગે ત્યારે બારણું ખોલવું.
- ટેલીફોનની ઘંટડી વાગે ત્યારે ફોન સાંભળવો.
- રસ્તે ચાલતી વ્યક્તિ પૂછે ત્યારે માર્ગદર્શન આપવું.
- કોઈ વડીલને રસ્તો ઓળંગવામાં મદદ કરવી.
- મમ્મીની ખોવાયેલી ચાવી શોધવામાં મદદ કરવી. વિ. વિ.

ઉપરોક્ત કામ આપણે ફરજ સમજીને કરતા હોઈએ છીએ એમાં પણ આત્મસંતોષ અને આશીર્વાદની પ્રાપ્તિ થાય છે.

- ૨ -

| NUI | તાત્કાલિક નહિ પણ અગત્યનું (Not Urgent but Important) |
|---|---|
| | કામનો આ પ્રકાર આપણા માટે સહુથી વધુ મહત્વનો છે. આવા કામ અગત્યનાં હોય છે. પણ તેને તાત્કાલીક ને બદલે વિચારીને અને સમય કાઢીને કરવાના હોય છે.<br>● આજના પ્લાન મુજબ કરવાના કાર્યો પૂરા કરવા.<br>● આવતીકાલનું હોમવર્ક અને કાલે ચાલવાનાં પાઠનું વાંચન.<br>● પરીક્ષા માટેનું રીવીઝન.<br>● ભણેલા વિષયોનું વધુ જ્ઞાન મેળવવા માટે પુસ્તકો, લાઈબ્રેરી અથવા કોમ્પ્યુટરનો ઉપયોગ.<br>● કોઈ પ્રોજેક્ટ હાથ ઉપર લીધો હોય (જેવો કે કોઈ સાયન્સ પ્રોજેક્ટ, ચિત્રકામ, સંગીત, મોડેલ મેકિંગ), તો તેનું પ્લાનિંગ.<br>● આવતા અઠવાડિયામાં કરવાના કાર્યો, મિટીંગ, એપોઈન્ટમેન્ટ વિગેરેનું કેલેન્ડર પ્લાનીંગ.<br>● આપણું ટેબલ, કબાટ, રૂમ વ્યવસ્થિત કરવો, જે તે વસ્તુ-સાધનો તેમની જગ્યાએ પાછા ગોઠવવા કે જેથી જ્યારે ફરી જરૂર પડે ત્યારે તાત્કાલિક મળી જાય. વિ. વિ.<br>**સમય કાઢીને પ્લાન મુજબ જે કામ કરવામાં આવે તેને ૮૦/૨૦ નો નિયમ લાગુ પડે છે. જેમાં ૨૦% નાં પ્રયત્નથી ૮૦% કામ થઈ જાય છે.**<br>અને ખરેખર સમયની બચત થાય છે. |
| NUNI | તાત્કાલિક પણ નહિ અને અગત્યનું પણ નહિ (Not Urgent and Not Important) |
| | આ પ્રકારનાં કામ એટલે મજાનાં કામ. આપણને જે ગમે તે કરવાનું. ઉદાહરણ રૂપે<br>● દોસ્તો સાથે ભેગા મળીને મોજ-મસ્તી કરવી, ફરવા જવું, ગપાટા મારવા.<br>● TV જોવું, સિનેમા જોવી, પડ્યા પડ્યા વાર્તાની ચોપડીઓ, કોમિક્સ વાંચવા.<br>● સંગીત સાંભળવું, ગાવું, વગાડવું, રમતો રમવી, આરામ કરવો, કશું જ ના કરવું.<br>● કાંઈ નવનિર્માણ કરવાનાં તરંગો, તુક્કા, આઈડીયા વિચારવા - વિ. વિ.<br><br>દુનિયામાં મોટામાં મોટા આવિષ્કારો NUNI પ્રકારનાં સમયમાં થયેલ છે. |

સૃષ્ટિમાં ફક્ત મનુષ્ય જ નહીં પણ પ્રાણીમાત્ર ને એક વસ્તુ સરખે ભાગે મળી છે. તે છે સમય. સમય અમુલ્ય છે. માટે જ સમય નો સદુપયોગ કરવો તે આપણા હાથમાં છે.

ઉપરના ચારેય ગ્રુપમાંથી UI ગ્રુપ તે ટેન્શનનું મૂળ છે. જો UI નું લીસ્ટ મોટું થાય તો આપણો મોટા ભાગનો સમય તેની પાછળ વેડફાઈ જાય છે અને UI, NUI અને મુખ્યત્વે NUNI માટેનો સમય કપાઈ જાય છે. આપણે સદા ટેન્શનમાં જીવતા થઈ જઈએ છીએ.

UNI પ્રકારનાં કાર્યો આપણે ફરજ સમજીને કરતા હોઈએ છીએ. આવા કાર્યો ફક્ત નજીવો સમય લેતા હોય છે.

આપણું ધ્યેય NUNI માટે સૌથી વધુ સમય ફાળવવાનું છે, કારણકે NUNI માં જ આપણો સર્વાંગી વિકાસ શક્ય છે.

UI માંથી સમય બચાવવાનો એક સરળ રસ્તો છે. આમ જોઈએ તો UI માં રહેલા બધાજ કામો એક વખત તો NUI માં હતાં. ત્યાં પુરા ના થવાના કારણે જ તે UI માં આવી ગયા. જો આપણી દિનચર્યામાં NUI ને પ્રાધાન્ય આપીને તેનો યોગ્ય સમય ફાળવી દઈએ, તો ઘણા ઓછા સમયમાં અગત્યનાં કામ થઈ જાય અને UI નું ટેન્શન-યુક્ત લીસ્ટ નાનું થઈ જાય. આપણે પણ ટેન્શન-મુક્ત થઈ જઈએ, અને બચેલો બધો જ સમય NUNI માટે ફાળવી શકીએ.

એક વાત નક્કી કરીએ. NUI નાં કામ **"કાલ"** ઉપર નહીં છોડીયે.

કેમ???

કારણ કે **"કાલ"** હમેશાં **"કાલ"** જ રહેવાની છે. તે કદી **"આજ"** થવાની નથી.


**પૂ. વજુભાઈ** ની અમુલ્ય શિખામણોમાંની એક અત્રે યાદ આવે છે. તેઓ અમને શીખવતા :


**સારા કામ કરીશું ક્યારે ?**
**આજ આજ ભાઈ, અત્યારે.**

**-ઉદયન શાહ (૧૩-૦૩-૨૦૧૭)**

## શારદામંદિર આર્કાઈવ્ઝમાંથી

# હવે મૃત્યુની પણ કશી ફીકર નથી...






જીવનનાં વીતેલાં ૮૨ વર્ષો પર નજર કરું છું ત્યારે ધન્યતાનો અનુભવ થાય છે. કદી કોઈના પર ક્રોધ કર્યો નથી. કદી વ્યવહાર કે વ્યાપારમાં પ્રમાણિકતા છોડી નથી. આજે રોજ ફરવાનું અને પ્રભુભક્તિ કરવાનું નિયમિતપણે રાખું છું. કપરા સંજોગોમાં પણ કદી નિરાશા થઈ નથી અને એનું કારણ છે મનની સમતા અને પ્રભુ પરત્વે શ્રદ્ધા. [illegible] નાની ઉંમરથી આ યુગના મહાપુરુષ ગાંધીજીનું સાન્નિધ્ય સાંપડ્યું, એ મારા જીવનના [illegible] છે. ૮૩ માં વર્ષે પણ જીવન ભર્યું ભર્યું છે. ધર્મ અને સેવાના કાર્યો જ [illegible] છે. તેથી જીવન બહુ રસમય લાગે છે, પણ એની સાથે સાથે હવે મૃત્યુની પણ કશી ફીકર નથી.

**- સ્વ. શ્રી ચંદ્રકાન્તભાઈ છોટાલાલ ગાંધી**

**(પૂર્વ પ્રમુખ - શારદામંદિર ટ્રસ્ટ)**


# ગણિત ગમ્મત

**(૧) આપેલ આકૃતિમાં કેટલી ચાર બાજુઓવાળી આકૃતિ બને ?**



(A) 15 *કરતા ઓછી* (B) 10 *કરતા ઓછી*
(C) 16 *કરતા ઓછી* (D) 20 *કરતા ઓછી*


**(૨) પૂનમ કાર્ડબોર્ડ બોક્સને વાળે છે તો બહારના બોક્સનો વિસ્તાર શોધો.**




(A) 47 $m^2$ (B) 54 $m^2$

(C) 73.5 $m^2$ (B) 90.5 $m^2$

**(૩) આપેલ ચિત્રમાં ખુટતો ભાગ શોધો.**




## વાલી પ્રતિભાવ...

**ધાત્રી દિવ્યેશભાઈ ડિટાણી**

*સૌ પ્રથમ શાળા માટે જે જરૂરી હોય, શાળાનું વાતાવરણ અને શિક્ષકો - એ ખૂબ જ સરસ છે. શાળાના શિક્ષકો ખૂબ જ પ્રેમાળ અને* caring *છે. દરેક બાળકોને તેમજ વાલીને ખૂબ જ સરસ રીતે દરેક* Question *નો* Answer *આપે છે. શાળામાં જે રમતગમતના સાધનો છે તે દરેક બાળકોને ખૂબ જ ગમે એવા છે. સંગીતમાં ગીતો શીખવાથી તેમજ શાળામાં થતાં દરેક* function*થી દરેક બાળકો નવું શીખે છે. અને તેમને દરેક તહેવારોના ઉત્સાહ અને ઉમંગ વધે છે અને બીજા બાળકો સાથે ભળતા શીખે છે.* I feel my child is learning in very good atmosphere.

**સંસ્કૃતિ વિશાલભાઈ પરમાર (Sr.KG)**

*શારદામંદિર શાળામાં દરેક શિક્ષકોનો સ્વભાવ ખૂબ જ પ્રેમાળ છે. શિક્ષકો બાળકોનું ખૂબજ ધ્યાન રાખે છે. એક્ટિવીટી પણ ખૂબ જ સરસ થાય છે જેથી બાળક પહેલેથી જ સ્ટેજ પર કાર્યક્રમ કરવા તૈયાર થઈ શકે છે. આ એક સારી બાબત છે.શાળાનું વાતાવરણ પણ આનંદમયી હોય છે. ભણતરની બાબતમાં પણ શિક્ષકો ખૂબ જ સારી રીતે ભણાવે છે. જ્યાં સુધી બાળકને ન આવડે ત્યાં સુધી શીખવાડે છે. બાળક પાસેથી પ્રેમથી પ્રવૃત્તિ કરાવવી એ ખરેખર ખૂબ જ સારું છે. બાળક એક બીજામાં ભળતા શીખે છે. બીજાને મદદરૂપ થવાનું શીખે છે. ખરેખર શારદામંદિર બાલમંદિર એ બાળકના ઘડતર માટે ખૂબ જ સુંદર છે.*


**પ્રકાશક : શારદામંદિર ટ્રસ્ટ,**

*નવા શારદામંદિર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૭. ફોન :* +91-79-2600242,

*ઈમેઈલ :* shardamandir1924@gmail.com *વેબસાઈટ :* www.sharadamandir.com

*'શારદ'નો આ અંક શાળાની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.*